E:\umang\K-8\K-8 jandharl latter.doc
ક્રમાંક: ક–૭/પરીક્ષા/૨૦૧૯/૧૮૦

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
૨/૧, બહુમાળી ભવન,
સરદારબાગ, જૂનાગઢ.
તા. ૦૨–૦૧–૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચ. માધ્યમિક શાળાઓ,
જુનાગઢ જિલ્લો, જૂનાગઢ.

**વિષય :–** **રવિવારે તથા જાહેર રજાના દિવસે સ્પર્ધાત્મક પરીક્ષાની કામગીરીની વળતર રજા બાબત.**

સંદર્ભ :–
(૧) સા.વ.વિ.પ.રી ક્રમાંક: ઓએફટી/૧૦૮૦/૧૪૬૬/ઘ, તા.૩૧/૩/૧૯૮૨.
(૨) સા.વ.વિ.પ.રી ક્રમાંક: ઓએફટી/૧૦૮૨/૪૭૦૯/ઘ, તા.૧૧/૬/૧૯૮૨.
(૩) જુનાગઢ જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ, જુનાગઢ નો તા.૨૧/૬/૨૦૧૭ ના પત્ર અન્વયે.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સરકારશ્રીનાં વિવિધ વિભાગો ધ્વારા રવિવારે તથા જાહેર રજાના દિવસે શાળાઓમાં ફાળવેલ કેન્દ્રો ઉપર સ્પર્ધાત્મક તથા અન્ય પ્રવેશ પરીક્ષાઓ લેવામાં આવે છે. જેમાં સુપરવિઝન તથા અન્ય કામગીરી માટે શાળાઓના સ્ટાફને રોકવામાં આવે છે. આ કામગીરીમાટે વિવિધ ખાતાઓ ધ્વારા નકકી કરેલા દર મુજબ રોકડ પુરસ્કાર આપવામાં આવે છે. રજાના દિવસે કામગીરીની બાબતે જુનાગઢ જિલ્લાના ઉચ્ચતર માધ્યમિક સંઘની રજુઆત છે, કે "શિક્ષક ગણ પોતાની રજાના ભોગે પણ આ પ્રકારની પરીક્ષાની તમામ પ્રક્રિયામાં સંનિષ્ઠ રીતે કામગીરી બજાવે છે. આ કામગીરી લીધે તેઓ પોતાના હકકની રવિવાર તથા અન્ય જાહેર રજાના લાભથી વંચિત રહે છે. માટે આ કામગીરીને લીધે ન ભોગવી શકેલ રજાના બદલામાં વળતર રજા આપવામાં આવે."

ઉપરોકત માંગણી તથા સંદર્ભપત્રોની જોગવાઈઓને ધ્યાને રાખી વિચારણાને અંતે નીચેની સુચનાઓને ધ્યાને રાખી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષામાં રોકાયેલ અને રજા ન ભોગવી શકેલ સ્ટાફને નીચે મુજબની સુચના મુજબની વળતર રજા આપવાની રહેશે.

૧. આ પ્રકારની વળતર રજા રવિવાર તથા જાહેર રજાના દિવસે પરીક્ષામાં રોકાયેલ કર્મચારીને જ મળવાપાત્ર થશે.
૨. આ પ્રકારની વળતર રજા એકી સાથે ફકત એક જ રજા ભોગવી શકાશે.
૩. આ પ્રકારની વળતર રજા જે તે શૈક્ષણિક વર્ષમાં ભોગવી લેવાની રહેશે.
૪. આ પ્રકારની વળતર રજા સર્વિસ બુકમાં ઉધારવાની નથી કે તેની રોકડમાં રૂપાંતરની ગણતરીમાં ધ્યાને લેવાની નથી.
૫. આ પ્રકારની વળતર રજા જે તે શૈક્ષણિક વર્ષ પૂર્ણ થતાં આપોઆપ રદ થઈ જશે.
૬. અન્ય સુચનાઓ સંદર્ભ –૧ મુજબની રહેશે.

ઉપરોકત બાબતોને ધ્યાને રાખી આ પ્રકારની વળતર રજા આપવાના પરીપત્રનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી,
જૂનાગઢ જિલ્લો,
જુનાગઢ.